

વેબસ્ટાર

# હું ‘ટાઈપકાસ્ટ’ થવા માંગતી નથી ક્રિતિકા કામરા

**ટેલિવિઝન સ્ક્રીન પર જ્યારે પહેલીવાર એક માસૂમ છોકરી ‘આરોહી’ બનીને આવી હતી, ત્યારે જ તેણે લાખો લોકોના દિલ જીતી લીધા હતા. આજે વર્ષો પછી, એ જ ક્રિતિકા કામરા OTT પ્લેટફોર્મ પર પોતાની બોલ્ડ અને મજબૂત ભૂમિકાઓ દ્વારા ડિજિટલ વર્લ્ડમાં રાજ કરી રહી છે. ક્રિતિકા કામરા હાલમાં તેના કરિયર અને પર્સનલ લાઈફ બંનેમાં ખૂબ જ ખુશ છે. તાજેતરમાં જ તેણે ક્રિકેટ હોસ્ટ ગૌરવ કપૂર સાથે લગ્ન કરીને સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. તો ચાલો ક્રિતિકા વિશે વધુ જાણીએ....**

**ક્રિતિકા, સૌ પ્રથમ તો ‘મિસીસ કપૂર’ બનવા બદલ ખૂબ ખૂબ અભિનંદન!**

(ખુશી સાથે) ખૂબ જ આભાર! સાચું કહું તો, બધું જ ખૂબ જ કુદરતી લાગે છે. ગૌરવ અને હું ઘણા સમયથી મિત્રો હતા, એટલે લગ્ન પછી કંઈ ‘અચાનક’ બદલાઈ ગયું હોય તેવું નથી લાગતું. હા, પણ હવે સવારના નાસ્તામાં ક્રિકેટની વાતો અને રાત્રે ફિલ્મોની ચર્ચાઓ વધી ગઈ છે.

**ગૌરવ કપૂર ‘બ્રેકફાસ્ટ વિથ ચેમ્પિયન્સ’ માટે જાણીતા છે. શું ઘરે પણ તે તમને સવાલો પૂછીને પરેશાન કરે છે?**

(હસતા હસતા) અરે ના, બિલકુલ નહીં! ઉલટું, હું જ તેને મારા શૂટિંગના કિસ્સાઓ સંભળાવીને પરેશાન કરું છું. અમે બંને એકબીજાના કામ પ્રત્યે ખૂબ જ ગંભીર છીએ, પણ ઘરે અમે માત્ર બે સામાન્ય લોકો છીએ જેમને સારી કોફી અને શાંતિ ગમે છે.

**‘બંબઈ મેરી જાન’માં ‘હબીબા’ અને ‘ગ્યારહ ગ્યારહ’માં ‘વામિકા’. તમે સતત ગંભીર પાત્રો ભજવી રહ્યા છો. શું હવે ‘રોમેન્ટિક ગર્લ’ની ઈમેજ છોડી દેવાનો ઈરાદો છે?**

એક એક્ટર તરીકે હું હંમેશા એવા પાત્રોની શોધમાં હોઉં છું જે મને અરીસા સામે ઊભા રહીને વિચારવા મજબૂર કરે. ‘હબીબા’ એક નેગેટિવ શેડ ધરાવતી સ્ત્રી હતી, જે મારાં માટે એક મોટો પડકાર હતો. હું ‘ટાઈપકાસ્ટ’ થવા માંગતી નથી. મને ગર્વ છે કે મેં ટેલિવિઝનથી શરૂઆત કરી, પણ OTT એ મને મારી ક્ષમતા બતાવવાનું મોટું કેનવાસ આપ્યું છે.

**લગ્ન પછીની પહેલી રસોઈ શું બનાવી હતી?**

મેં કોફી બનાવી હતી, કારણ કે એમાં કઈ બગડવાની બીક નથી રહેતી!

**ગૌરવની કઈ આદત તમને સૌથી વધુ હેરાન કરે છે?**

તેની ક્રિકેટ પ્રત્યેની દીવાનગી. ક્યારેક મને લાગે છે કે તેને બેટ અને બોલ સાથે પણ પ્રેમ છે!

**તમારા કરિયરનું સૌથી ફેવરિટ પાત્ર કયું?**

ચોક્કસપણે ‘હબીબા’. તેણે મને મારી તાકાતનો અહેસાસ કરાવ્યો.

ફેન્સ માટે કોઈ ખાસ મેસેજ? | બસ એટલું જ કે, ‘કિતની મહોબ્બત હૈ’થી લઈને આજ સુધી તમે જે પ્રેમ આપ્યો છે, તેના વિના હું કંઈ જ નથી.

**તમારા પ્લાન્સ શું છે? શું અમે કોઈ મોટી વેબ સીરીઝ કે ફિલ્મની અપેક્ષા રાખી શકીએ?**

હા, ૨૦૨૬ ખૂબ જ વ્યસ્ત રહેવાનું છે! મટકા કિંગ’ છે, જે 17 એપ્રિલે રિલિઝ છે. આ સિવાય ‘સારે જહા સે અચ્છા’માં હું એક અલગ જ અવતારમાં જોવા મળીશ. હું અત્યારે શૂટિંગમાં વ્યસ્ત છું અને આશા છે કે ફેન્સને આ નવો લુક ગમશે.

**તારો ફેવરિટ કો-સ્ટાર કોણ છે?**

હાલમાં તો વિજય વર્મા સાથે કામ કરવાની મજા આવી રહી છે, તે ખૂબ જ ટેલેન્ટેડ છે.

**કરિયર કે લાઈફ, અત્યારે શું વધારે ‘હિટ’ છે?**

બંને! લાઈફમાં ગૌરવ છે અને કરિયરમાં ‘મટકા કિંગ’!

**તમારા ફેન્સ તમને હજુ પણ ‘કિતની મહોબ્બત હૈ’ માટે યાદ કરે છે, કેવું લાગે છે?**

તે મારો પાયો હતો. લોકો આજે પણ તેને યાદ કરે છે તે જોઈને લાગે છે કે મેં કંઈક સારું કામ કર્યું છે ●

# ચોકલેટ બોયથી ગ્લોબલ આઈકોન: ટીમોથી ચેલામેટ

હોલીવૂડના ઈતિહાસમાં દરેક દાયકામાં એક એવો એક્ટર આવે છે જે આખી પેઢીની ઓળખ બની જાય છે. 90ના દાયકામાં જે જાદુ લિયોનાર્ડો ડિકાપ્રિયોએ ચલાવ્યો હતો, આજે તેવો જ કરિશ્મા ટીમોથી ચેલામેટનો છે જે માત્ર એક એક્ટર નથી, પરંતુ તે એક આઈકોન બની ગયો છે. તેના લૂક અને દમદાર એક્ટિંગ ક્ષમતાને કારણે તેને ‘નવી પેઢીનો લિયોનાર્ડો ડિકાપ્રિયો’ પણ કહેવામાં આવે છે. માત્ર 30 વર્ષની ઉંમરે ટિમોથીએ સાબિત કરી દીધું છે કે તે માત્ર એક ગ્લેમરસ ચહેરો નથી, પણ એક ગંભીર અને પ્રતિભાશાળી એક્ટર છે.

કલા તેના લોહીમાં હતી, તેના પિતા ફ્રેન્ચ અને માતા અમેરિકન છે, કારણ કે તેની માતા ડાન્સર હતી અને પિતા પત્રકાર. જેના કારણે તે ફ્રેન્ચ ભાષા પણ ખૂબ સારી રીતે બોલી



**ટીમોથી માત્ર એક્ટિંગ માટે જ નહીં, પણ તેની અનોખી ફેશન સેન્સ માટે પણ જાણીતો છે. તે રેડ કાર્પેટ પર પરંપરાગત સૂટને બદલે પ્રાયોગિક અને જેન્ડર-ફ્લુઈડ કપડાં પહેરવાનું પસંદ કરે છે**

શકે છે. તેણે નાની ઉંમરે ટીવી એડ અને નાની ભૂમિકાઓથી શરૂઆત કરી હતી.

ન્યૂયોર્કની પ્રખ્યાત ‘લા ગાર્ડિયા હાઈસ્કૂલ ઓફ મ્યુઝિક એન્ડ આર્ટ’માં અભ્યાસ કરતી વખતે જ તેણે એક્ટિંગના પાઠ શીખ્યા હતા. શરૂઆતના દિવસોમાં તેણે નાની ભૂમિકાઓ અને ટીવી એડથી શરૂઆત કરી હતી, પરંતુ તેની આંખોમાં રહેલી ગંભીરતા તેને બીગ સ્ક્રિન તરફ ખેંચી ગઈ. ટિમોથીના કરિયરનો ટર્નિંગ પોઈન્ટ 2017માં આવેલી ફિલ્મ ‘કોલ મી બાય યોર નેમ’ હતી. આ ફિલ્મમાં ‘એલિયો’ નામના યુવકનું પાત્ર તેણે એટલી સચોટતાથી ભજવ્યું કે આખું વિશ્વ તેનું દીવાનું બની ગયું. આ ફિલ્મ માટે તેને બેસ્ટ એક્ટર તરીકે ઓસ્કર નોમિનેશન મળ્યું અને તે છેલ્લા 80 વર્ષમાં આ કેટેગરીમાં નોમિનેટ થનાર સૌથી યુવા એક્ટર બન્યો. ટીમોથીએ ક્યારેય પોતાને એક જ પ્રકારના રોલમાં બાંધી રાખ્યો નથી. તેની ફિલ્મી સફર પર નજર કરીએ તો ટિમોથીએ સાબિત કર્યું છે કે તે માત્ર આર્ટ ફિલ્મો જ નહીં, પણ મોટા બજેટની કમર્શિયલ ફિલ્મો પણ સંભાળી શકે છે. તેની ફિલ્મોએ બોક્સ ઓફિસ પર કરોડો ડૉલરની કમાણી કરીને તેને હોલીવૂડનો સૌથી સુરક્ષિત ‘બેંકેબલ’ સ્ટાર બનાવી દીધો છે.

ટીમોથી માત્ર એક્ટિંગ માટે જ નહીં, પણ તેની અનોખી ફેશન સેન્સ માટે પણ જાણીતો છે. તે રેડ કાર્પેટ પર પરંપરાગત સૂટને બદલે પ્રાયોગિક અને જેન્ડર-ફ્લુઈડ કપડાં પહેરવાનું પસંદ કરે છે. તેની શૈલી યુવાનોમાં એક ટ્રેન્ડ બની ગઈ છે. તે વિશ્વની પ્રખ્યાત લક્ઝરી બ્રૅન્ડ્સનો ફેસ છે, છતાં તે જમીન સાથે જોડાયેલો એક્ટર માનવામાં આવે છે. ટીમોથી ચેલામેટની સફળતાનું રહસ્ય તેની સાદગી અને તેના કામ પ્રત્યેની નિષ્ઠા છે. સોશિયલ મીડિયાના યુગમાં જ્યાં ખ્યાતિ ઝડપથી મળે છે અને ઝડપથી જતી રહે છે, ત્યાં ટીમોથીએ પોતાની મહેનતથી એક કાયમી સ્થાન બનાવ્યું છે. તે આધુનિક હોલીવૂડનો એવો સિતારો છે જે આવનારા ઘણા દાયકાઓ સુધી સિનેમાના પડદા પર રાજ કરશે. તે અત્યારના સમયનો સૌથી મોટો ‘હાર્ટથ્રોબ’ ગણાય છે. ટીમોથી અત્યારે હોલીવૂડનો એવો કલાકાર છે જેની ફિલ્મો માત્ર વિવેચકોને જ નથી ગમતી, પણ કમાણીમાં પણ રેકોર્ડ તોડે છે. તેની સતત બે ફિલ્મોએ વિશ્વભરમાં કરોડો ડૉલરની કમાણી કરી છે. હોલીવૂડમાં ઘણા સમય પછી કોઈ યુવા એક્ટરનો આવો દબદબો જોવા મળ્યો છે. ●

હોલિવૂડ હંગામા

# સટ્ટાનું સામ્રાજ્ય અને રેટ્રો મુંબઈનો રોબ ‘મટકા કિંગ’માં જામશે મજેદાર જંગ!

મુંબઈની માયાનગરીમાં ક્યારેક સપના વેચાય છે, તો ક્યારેક નસીબની ચિઠ્ઠીઓ! સિત્તેરના દાયકાની એ રગ રગથી વાકેફ મુંબઈ, જ્યાં કોટનની મિલોના ધુમાડા સાથે સામાન્ય માણસની અમીર બનવાની મહેચ્છા પણ હવામાં ઉડતી હતી. આ જ માહોલને ફરી જીવંત કરવા આવી રહી છે પ્રાઈમ વિડિયોની નવી ધમાકેદાર વેબ સિરીઝ ‘મટકા કિંગ’.

જો તમને લાગતું હોય કે આ માત્ર આંકડાની રમત છે, તો જરા થોભો! કારણ કે અહીં દાવ પર માત્ર પૈસા નથી, પણ પ્રતિષ્ઠા, પાવર અને મુંબઈ પર રાજ કરવાની જીદ છે.

આ સિરીઝની સ્ટોરી આપણને ૭૦ના દાયકાના મુંબઈમાં લઈ જાય છે. એક એવો સમય જ્યારે કપાસના વેપારના આંકડાઓ પર સટ્ટો રમાતો હતો. સ્ટોરીનો સેન્ટર પોઈન્ટ છે એક સામાન્ય કપાસનો વેપારી, જે પોતાની શાર્પ માઈન્ડ અને રિસ્ક લેવાની ક્ષમતાથી જોતજોતામાં ‘મટકા’ની દુનિયાનો બેતાજ બાદશાહ બની જાય છે.

પરંતુ, શિખર પર પહોંચવાનો રસ્તો ક્યારેય ફૂલોની સેજ નથી હોતો. આ રમત જેટલી ઉપરથી આકર્ષક લાગે છે, અંદરથી એટલી જ રીસ્કી છે. પોલીસની પજવણી, અંડરવર્લ્ડની દખલગીરી અને હરીફોની ચાલબાજી વચ્ચે ‘મટકા કિંગ’ કેવી રીતે પોતાનું સામ્રાજ્ય ટકાવી રાખે છે, તે જોવું ખરેખર રોમાંચક રહેશે.

વેબવોચ

જ્યારે વાત ગ્રે-શેડ કેરેક્ટરની હોય ત્યારે વિજય વર્માનું નામ લિસ્ટમાં સૌથી ઉપર આવે. ‘ગલી બોય’, ‘મિર્ઝાપુર’ અને ‘દહાડ’ જેવી સિરીઝમાં પોતાની એક્ટિંગનો ડંકો વગાડી ચૂકેલા વિજય વર્મા અહીં મેઈન લિડમાં છે. પ્રોમોમાં વિજયનો લુક, પેન્ટ-શર્ટની સ્ટાઈલ અને ફેસ પર કોન્ફિડન્સ જોઈને લાગે છે કે વિજય આ કેરેક્ટરને જીવી ગયો છે.

વિજયની ખાસિયત એ છે કે તે પોતાની આંખોથી ડાયલોગ બોલે છે. ‘મટકા કિંગ’માં તેનો અંદાજ એક એવા માણસનો છે જે શૂન્યમાંથી સર્જન કરે છે. તેમની સામે ટક્કર લેવા માટે કાસ્ટમાં બીજા પણ મજબૂત એક્ટરો છે, જે વાર્તામાં તેજાબ ઉમેરવાનું કામ કરે છે.

આ સિરીઝનું સુકાન સંભાળ્યું છે ડાયરેક્ટર નાગરાજ મંજુલેએ. જેમણે ‘સૈરાટ’ જેવી માસ્ટરપીસ ફિલ્મ આપી છે, તેમની પાસેથી અપેક્ષાઓ આસમાને હોય તે સ્વાભાવિક છે. મંજુલેની ખાસિયત એ છે કે તેઓ વાર્તાને રિયાલિસ્ટિક ટચ આપે છે. મુંબઈની ચાલીઓ, મિલોનો માહોલ અને એ સમયની ગલીઓની ગંદકી અને ગ્લેમર બંનેને તેમણે ખૂબ જ ઝીણવટપૂર્વક પડદા પર ઉતાર્યા છે.




**જ્યારે વાત ગ્રે-શેડ કેરેક્ટરની હોય ત્યારે વિજય વર્માનું નામ લિસ્ટમાં સૌથી ઉપર આવે. ‘ગલી બોય’, ‘મિર્ઝાપુર’ અને ‘દહાડ’ જેવી સિરીઝમાં પોતાની એક્ટિંગનો ડંકો વગાડી ચૂકેલા વિજય વર્મા અહીં મેન લિડમાં છે**

જો તમને વિન્ટેજ મુંબઈ જોવું ગમતું હોય, તો આ સિરીઝ તમારા માટે વિઝ્યુઅલ ટ્રીટ છે. કોસ્ચ્યુમથી લઈને સેટ ડિઝાઈન સુધી બધું જ પર્ફેક્ટ લાગે છે.

મટકાના આંકડા ખુલવાની સાથે દર્શકોના ધબકારા પણ વધશે. કયો આંકડો કોને રોડપતિમાંથી કરોડપતિ બનાવશે અને કોને જેલના સળિયા પાછળ ધકેલશે, એ જોવાની મજા આવશે.

સિરીઝમાં એવા ડાયલોગ્સ છે જે સીધા પ્રેક્ષકોના મન પર અસર કરે છે. ‘નસીબ બદલવા માટે આંકડા નહીં, જિગર જોઈએ’ – જેવા ડાયલોગ્સ આ સિરીઝની જાન છે.

‘મટકા કિંગ’ માત્ર એક ગેમ્બલિંગની સ્ટોરી નથી, પણ એ એક માણસની મહત્વાકાંક્ષાની ગાથા છે. સમાજ જે રમતને ગુનો માને છે, એ રમત દ્વારા આખું શહેર ચલાવવાની તાકાત મેળવવી એ કોઈ નાની વાત નથી. આ સિરીઝ એ પ્રશ્ન પૂછે છે કે – શું નસીબ ખરેખર નસીબદારના હાથમાં હોય છે, કે પછી આંકડાની માયાજાળ રચનારના હાથમાં?

ઓટીટી પ્લેટફોર્મ પર ક્રાઈમ-ડ્રામાનો દબદબો હંમેશા રહ્યો છે, પણ ‘મટકા કિંગ’માં જે દેશીપણું અને મુંબઈની માટીની સુગંધ છે, તે તેને અન્ય સિરીઝથી અલગ પાડે છે.

જો તમે હાઈ-વોલ્ટેજ ડ્રામા અને પાવરફુલ પરફોર્મન્સના શોખીન હોવ, તો 17 એપ્રિલે એમેઝોન પ્રાઈમ વિડિયો પર ‘મટકા કિંગ’ જોવાનું ચૂકતા નહીં! ●